**આંક–૦૭**
દાખલ તારીખ– ૨૯/૦૫/૨૦૨૬
રજી. તારીખ – ૨૯/૦૫/૨૦૨૬
ફેસલ તારીખ – ૦૨/૦૬/૨૦૨૬
અવધિ– વર્ષ માસ દિવસ
– – ૦૪

---

**દાહોદ જીલ્લાની એડિશ્નલ સેશન્સ એન્ડ સ્પે.(પોક્સો) કોર્ટ,**
**મુ.લીમખેડા, જી.દાહોદ.**

---

**ફોજદારી પરચુ. અરજી નં.૧૬૮/૨૦૨૬**

અનીલભાઈ પર્વતભાઈ કટારા

ઉ.વ.આ.૨૧, ધંધો–ખેતી/મજુરી,

રહે.ઢઢેલા, પટેલ ફળીયું,
તા.લીમખેડા, જી.દાહોદ.

**.......અરજદાર**

**વિરુદ્ધ**

શ્રી સરકાર

**......સામાવાળા**

**બાબત – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદાર/આરોપી તર્ફે – વિ.વકીલશ્રી આર.વી.વણકર**

**સરકારશ્રી તર્ફે – વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ**

---

**– ચુ કા દો –**

(૧) અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રજુ કરી તેઓને લીમખેડા પોલીસ સ્ટેશન પાર્ટ–એ. ગુના રજી.નં.૧૧૮૨૧૦૩૫૨૫૦૬૩૩/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોક્સો એક્ટની કલમ–૪, ૬ મુજબના ગુનાના કામે અરજીમાં જણાવ્યા મુજબના જુદા–જુદા કારણોસર નિયમીત જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદારની અરજી વંચાણે લીધી. ત.ક.અમદારનું આંક–૬ નું સોગંદનામું વંચાણે લીધું. બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર તર્ફે વિ.વકીલશ્રી આર.વી.વણકરનાએ ભારપૂર્વક રજુઆત કરેલ છે કે અરજદાર તા.૨૭/૦૫/૨૦૨૬ ના રોજ ધરપકડ થયેલ ત્યારથી કસ્ટડીમાં છે. અરજદાર તદ્દન નિર્દોષ છે અને કહેવાતા ગુનામાં ખોટી રીતે સંડોવી દીધા છે. બનાવની ફરિયાદ ૨૧ દિવસના વિલંબ બાદ ખોટી હકીકતો ઉપજાવી કાઢી આપવામાં આવેલ છે. મુખ્ય આરોપી જ્યુવેનાઈલ છે તેમને જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે. મુખ્ય આરોપી અને ભોગ બનનારને પ્રેમ સંબંધ છે. ભોગ બનનારનું પ્રથમ નિવેદન લેવામાં આવ્યું તેમાં હાલના અરજદારનું નામ જણાવેલ નથી પરંતુ ચાર–પાંચ દિવસ બાદ ફરીથી ભોગ બનનારનું નિવેદન લેવામાં આવેલ તેમાં હાલના અરજદારનું નામ ખુલેલું છે. અરજદારે ભોગ બનનારને ભગાડવામાં મદદગારી કરેલ નથી. અરજદારની આ પ્રથમ જામીન અરજી છે. અરજદાર કુટુંબના કમાનાર એકમાત્ર વ્યકિત છે. અરજદાર સ્થાનીક રહીશ છે. નાસીભાગી જાય તેવા નથી. નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે વિગેરે હકીકતો જણાવી અરજદારને જામીનમુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણનાએ ભારપૂર્વક જણાવેલ છે કે બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષ ૪ માસની હતી. ભોગ

બનનારના નિવેદનમાં હાલના અરજદારનું નામ ખુલેલું છે. હાલના અરજદારે મુખ્ય આરોપી તથા ભોગ બનનારને પોતાના કબજા ભોગવટાની બાઈક ઉપર બેસાડી ભગાડવામાં મદદગારી કરેલ હોય હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના ફરિયાદીએ તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ લીમખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, મારી છોકરી ભોગ બનનાર છે જેણે હાલમાં ધોરણ–૧૦ ની પરીક્ષા આપેલ છે અને તેની ઉંમર ૧૫ વર્ષ ૫ માસ છે. હું તથા મારી પત્ની વડોદરા મજુરીકામ કરીએ છીએ અને મારા બાળકો મારા માતાપિતા સાથે દાભડા ગામે ઘરે રહેતા હતા. ગઈ તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ અમો પતિ–પત્ની વડોદરા મજુરીકામે હતા તે વખતે મારા પિતા વરસીંગભાઈનો ફોન આવેલ અને કહેલ કે ગઈકાલ તા.૨૬/૦૪/૨૦૨૫ ના રોજ અમો બધા રાત્રીના જમી પરવારી સુઈ ગયેલા અને રાત્રીના સાડા અગીયારેક વાગ્યે હું પાણી પીવા જાગેલ અને જોયેલ તો ભોગ બનનાર ખાટલામાં ન હોય આજુબાજુ ગઈ હશે તેમ વિચારી મોડે સુધી રાહ જોયેલ પરંતુ તે આવેલ નહી જેથી આજુબાજુમાં શોધખોળ કરેલ પરંતુ મળી આવેલ નહી જેથી વડોદરાથી દાભડા ઘરે આવેલ અને સગા સંબંધીઓમાં શોધખોળ કરવા છતાં મળી આવેલ નહી અને વાતોવાતથી જાણવા મળેલ કે ભોગ બનનારને નજીકમાં રહેતો દાંતીયા ગામનો સુનિલભાઈ અકાભાઈ બારીયા(અરજદાર)નાઓ પત્ની તરીકે રાખવા ભગાડી લઈ ગયેલ હોય તેના ઘરે તપાસ કરવા જતા તેની માતા ઘરે હાજર હોય તેમણે જણાવેલ કે મારો છોકરો તમારી છોકરીને પત્ની તરીકે રાખવા ભગાડી લઈ ગયેલ હોય શોધખોળ કરીએ છીએ અને મળી આવશે તો તમને સોંપી દઈશું તેમ જણાવેલ અને ત્યારબાદ સમાજના પંચરાહે નિકાલ કરવાનો પ્રયત્ન કરેલ પરંતુ કોઈ નિકાલ નહી આવતા હાલની ફરિયાદ આપેલ છે.

(૬) આ કામના તપાસ કરનાર અમલદારે તેઓની તપાસ દરમ્યાન તા.૦૩/૦૭/૨૦૨૫ ના રોજ ભોગ બનનારનું નિવેદન લીધેલું છે જેમાં તેણીને મુખ્ય આરોપી સાથે પ્રેમ સંબંધ હોવાનું અને માતાપિતાએ ઠપકો આપતા મુખ્ય આરોપી સાથે ભાગી ગયેલ અને બન્નેએ સંમતિથી શરીર સંબંધ બાંધેલાની હકીકત જણાવેલી છે. ત્યારબાદ ત.ક.અમલદારે ફરીથી તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ ભોગ બનનારનું નિવેદન લીધેલું છે જેમાં તેણીએ જણાવેલ છે કે "ગઈ તા.૨૬/૦૪/૨૦૨૫ ના રોજ રાત્રીના હું તથા સુનિલ ભાગવાનું નક્કી કરી અમારા ઘરની બહાર મળેલ તે વખતે સુનિલે તેના સંબંધી અનીલભાઈ પર્વતભાઈ કટારા(અરજદાર) બાઈક લઈને બોલાવતા તે બાઈક લઈને આવતા હું તથા સુનીલ તેની બાઈક ઉપર બેસી મંગલમહુડી બસ સ્ટેન્ડ ગયેલ અને ત્યાં તે અમોને મંગલમહુડી બસ સ્ટેન્ડ મુકી બાઈક લઈને જતો રહેલ અને ત્યાંથી હું અને સુનીલ રેલ્વેમાં બેસી વડોદરા ગયેલ અને વડોદરાથી બસમાં બેસી અમદાવાદ ગયેલ....."

(૭) આ કામે આંક–૬ થી ત.ક.અમલદારનું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો હાલના અરજદારનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી. આ કામના મુખ્ય આરોપી તથા ભોગ બનનાર વચ્ચે પ્રેમ સંબંધ છે. ભોગ બનનારનું તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજનું નિવેદન વંચાણે લેવામાં આવે તો હાલના અરજદાર વિરુદ્ધ મુખ્ય આરોપી તથા ભોગ બનનારને ભગાડવામાં મદદગારી કર્યાની હકીકત તપાસમાં મળી આવેલ છે. હાલના અરજદાર વિરુદ્ધ જાતિય ગુનાઓ અંગેનો કોઈ આક્ષેપ નથી. અરજદાર ગુનાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજર રહેવાની ખાત્રી આપે છે. અરજદાર સ્થાનીક રહીશ છે. આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચાલતા લાંબો સમય થાય તેમ છે અને તે સંજોગોમાં અરજદાર વિરુદ્ધ ગુનો પુરવાર થયા પહેલા તેને સજાની પરિસ્થિતિમાં મુકવા યોગ્ય જણાતું ના હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

- અરજદાર/આરોપી અનીલભાઈ પર્વતભાઈ કટારા, રહે.ઢઢેલા, પટેલ ફળીયું, તા.લીમખેડા, જી.દાહોદનાઓની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.
- લીમખેડા પોલીસ સ્ટેશન પાર્ટ–એ. ગુના રજી.નં.૧૧૮૨૧૦૩૫૨૫૦૬૩૩/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોક્સો એક્ટની કલમ–૪, ૬ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તર્ફે રુ.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી તેઓને નીચેની શરતોને આધીન બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે જામીનમુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો–**

/૧/ અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહી.

/૨/ અરજદાર/આરોપીએ તપાસના કામે સહકાર આપવો અને તપાસ કરનાર અમલદાર જ્યારે બોલાવે ત્યારે હાજર રહેવું.

/૩/ અરજદાર/આરોપીએ ફરીથી આવા પ્રકારના ગુનામાં સંડોવાવું નહી.

/૪/ અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમીત રીતે હાજર રહેવું.

/૫/ અરજદાર/આરોપીએ તેમના રહેણાંકનું પુરુ સરનામું મોબાઈલ નંબર સાથે લેખીત પુરસીસથી સંબંધીત કોર્ટમાં તથા

ત.ક.અમલદાર સમક્ષ રજુ કરવું અને હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહી.

- જામીન અત્રેની અદાલત સમક્ષ આપવા.

હુકમ આજ તા.૨જી માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૬/૨૦૨૬
સ્થળ – લીમખેડા

**(હરેશકુમાર હિંમતલાલ ઠક્કર)**
એડિશ્નલ સેશન્સ એન્ડ સ્પે.(પોક્સો)જજ,દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૫૩૩

આર.બી.સોલંકી